©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] THURSDAY, JULY 16, 2026 / ASHADHA 25, 1948 [No. 29

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨જી જુલાઈ, ૨૦૨૬

જાહેરનામા ક્રમાંક: GHKH/52/2026/ACD/AMR/e-file/2/2023/5704/G:- ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તા અન્વયે રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરના તા.૧૮/૦૭/૨૦૦૦ ના હુકમથી ધી જામનગર રીજીયોનલ તેલીબીયાં ઉત્પાદક સહકારી સંઘ લી., જિ.જામનગરને ફડચામાં લઈ જવામાં આવેલ છે. ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ મુજબ સહકારી સંસ્થાને ફડચાના હુકમથી નિયત સમયમર્યાદામાં ફડચાની કાર્યવાહી આટોપી લેવાની રહે છે. પરંતુ સદરહુ સંઘની ફડચાની કાર્યવાહી સમયમર્યાદામાં આટોપી શકાયેલ ન હોવાથી, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અંતર્ગત સદરહુ સંઘની ફડચાની મુદત વધારી આપવામાં આવેલ. ત્યારબાદ આ વિભાગના તા.૨૯/૦૯/૨૦૨૫ ના જાહેરનામાથી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૧૪(૧) હેઠળ સદરહુ સંઘની ફડચાની મુદત તા.૧૮/૦૭/૨૦૨૫થી તા.૧૭/૦૭/૨૦૨૬ સુધી વધારી આપવામાં આવેલ હતી. પરંતુ ઉક્ત મુદ્દત દરમિયાન પણ સંઘની બાકી ફડચાની કામગીરી આટોપી શકાયેલ નથી.

આથી, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ હેઠળ રાજ્ય સરકારને મળેલ સત્તા અંતર્ગત ધી જામનગર રીજીયોનલ તેલીબીયાં ઉત્પાદક સહકારી સંઘ લી., જિ.જામનગર (ફડચામાં)ને ફડચાની કાર્યવાહી આટોપી લેવા માટે તા.૧૮/૦૭/૨૦૨૬ થી તા.૧૭/૦૭/૨૦૨૭ સુધીની મુદત વધારી આપવામાં આવે છે. આ વધારેલ સમય મર્યાદામાં ફડચાની કાર્યવાહી પૂર્ણ થાય તેવી પદ્ધતિ અપનાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુલદિપસિંહ મકવાણા,

સરકારના ઉપસચિવ.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨જી જુલાઈ, ૨૦૨૬

નં. જીએચકેએચ-૫૩-૨૦૨૬-નસબ-૧૧-૨૦૧૦-૬૧૩-ચ(પા.ફા.-૧) (e-file:ACD/APM/e-file/2/2023/3503/CH):- ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તા અન્વયે રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૨/૦૬/૨૦૦૩ના હુકમ ક્રમાંકઃ નસબ/ફડચ/૦૧/ઝ-૭/૧૦૮૭/૨૦૦૩ થી ધી જનરલ કો-ઓપ. બેંક લી.(ફડચામાં), અમદાવાદને ફડચામાં લઈ જવામાં આવેલ. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ મુજબ ફડચાના હુકમથી ત્રણ વર્ષમાં ફડચાની કાર્યવાહી આટોપી લેવાની રહે છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે સદરહુ સંસ્થાની ફડચાની મુદત રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરના વખતોવખતના હુકમોથી તા.૦૧/૦૬/૨૦૧૪ સુધી વધારવામાં આવેલ હતી. પરંતુ સદરહુ મુદત વધારા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ ન હતી. ત્યારબાદ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અન્વયે રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના વખતોવખતના જાહેરનામાથી તા.૦૧-૦૬-૨૦૨૫ સુધી મુક્તિ આપવામાં આવેલ હતી. છેલ્લે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૦૧/૦૭/૨૦૨૬ના જાહેરનામાથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) ની જોગવાઈ હેઠળ તા.૦૧/૦૬/૨૦૨૬ સુધી ધી જનરલ કો-ઓપ. બેંક લી.(ફડચામાં), અમદાવાદને ફડચની કામગીરી આટોપવામાંથી મુદત લંબાવી આપવામાં આવેલ હતી. પરંતુ સદરહું સમયગાળા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ નથી.

ધી જનરલ કો-ઓપ. બેંક લી.(ફડચામાં), અમદાવાદને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની હેઠળ તા.૦૨/૦૬/૨૦૨૬ થી તા.૦૧/૦૬/૨૦૨૮ સુધી મુદત વધારો આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુલદિપસિંહ મકવાણા,

સરકારના ઉપસચિવ (ધિરાણ).

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨જી જુલાઈ, ૨૦૨૬

નં. જીએચકેએચ-૫૬-૨૦૨૬-નસબ-૧૧-૨૦૧૦-૧૦૨૪-ચ(પા.ફા.-૧) (ACD/APM/e-file/2/2023/3700/CH:- ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તા અન્વયે રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૨૮/૦૭/૨૦૦૩ના હુકમ ક્રમાંકઃ નસબ/૦૧/ઝ-૭/૧૮૨૦/૨૦૦૩ થી ધી ચરોતર નાગરિક સહકારી બેંક લી. (ફડચામાં), આણંદને ફડચામાં લઈ જવામાં આવેલ. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ મુજબ ફડચાના હુકમથી ત્રણ વર્ષમાં ફડચાની કાર્યવાહી આટોપી લેવાની રહે છે. ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે સદરહુ સંસ્થાની ફડચાની મુદત રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરના વખતોવખતના હુકમોથી તા.૨૭/૦૭/૨૦૧૦ સુધી વધારવામાં આવેલ હતી. પરંતુ સદરહુ મુદત વધારા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ નથી. ત્યારબાદ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૬૧ હેઠલ મળેલ સત્તા અન્વયે કલમ-૧૧૪(૧)ના અમલમાંથી વિભાગના વખતોવખતના જાહેરનામાથી તા.૨૭-૦૭-૨૦૨૪ સુધી મુક્તિ આપવામાં આવેલ છે. છેલ્લે વિભાગના તા.૦૪/૦૫/૨૦૨૫ના જાહેરનામાથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) હેઠળ તા.૨૭/૦૭/૨૦૨૬ સુધી મુદત વધારો આપવામાં આવેલ હતો. પરંતુ સદરહું સમયગાળા દરમ્યાન ફડચાની કામગીરી આટોપી શકાયેલ નથી.

ઉક્ત વિગતે, ધી ચરોતર નાગરિક સહકારી બેંક લી. (ફડચામાં), આણંદને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની હેઠળ ફડચાની કામગીરી આટોપી લેવા તા.૨૮/૦૭/૨૦૨૬ થી તા.૨૭/૦૭/૨૦૨૭ સુધીની મુદત વધારો આપવામાં આવે છે. આ મુદત વધારા દરમિયાન ફડચાની કામગીરી પૂર્ણ થાય તે રીતે કાર્યવાહી ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુલદિપસિંહ મકવાણા,

સરકારના ઉપસચિવ (ધિરાણ).

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જૂન, ૨૦૨૬

ક્રમાંક: GHKH/59/2026/ACD/AMR/e-file/2/2025/3599/KH: ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧થી પ્રાપ્ત થયેલ સત્તાધિકારની રૂએ, આથી ધી ભરૂચ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ભરૂચની વાર્ષિક સાધારણ સભા તા.૩૦/૦૯/૨૦૨૫ સુધીમાં આયોજિત થઈ શકે તેમ ન હોઈ આ અધિનિયમની કલમ-૭૭(૧) જોગવાઈમાંથી તા.૩૦/૦૯/૨૦૨૫થી તા.૩૦/૧૧/૨૦૨૫ મુદ્દત વધારો આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. એચ. પ્રજાપતિ,

સેક્શન અધિકારી.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જૂન, ૨૦૨૬

ક્રમાંક: GHKH/61/2026/ACD/AMR/e-file/2/2025/3601/KH :- ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧થી પ્રાપ્ત થયેલ સત્તાધિકારની રૂએ, આથી ધી ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., આણંદની વાર્ષિક સાધારણ સભા તા.૩૦/૧૧/૨૦૨૫ સુધીમાં આયોજિત થઈ શકેલ ના હોઈ, આ અધિનિયમની કલમ-૭૭(૧) જોગવાઈમાંથી તા.૩૧/૦૩/૨૦૨૬ સુધી મુદ્દત વધારો આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. એચ. પ્રજાપતિ,

સેક્શન અધિકારી.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.07.17 14:42:42 IST